# Bookmycab.com રજૂ કરે છે
# કાલી પીલી ટેક્સી માટે હૅપ્પી અવર્સ

> *સોમવારથી શુક્રવાર સુધી સવારના 11થી સાંજના 6ની વચમાં લીધેલી પ્રત્યેક ટેક્સી સવારી માટે પ્રવાસીઓ રૂા. 50 ઓછા ચુકવશે.*

**મુંબઈ, 21મી નવેમ્બર,** 2014: Boomycab.com મુંબઈની પ્રખ્યાત કૉલ કૅબ સર્વિસીસ, રજૂ કરે છે હૅપ્પી અવર્સ, એક ડિસ્કાઉન્ટ યોજના જે ટ્રાફિકના ઘસારાના સમય સિવાયના સમય દરમિયાન શહેરની મર્યાદાઓની અંદર જ ટેક્સી સેવાઓ આપતી કાલી પીલી (બ્લૅક ઍન્ડ યલો) ટેક્સી માટે છે.

આ નવી છૂટ (ડિસ્કાઉન્ટ) ટેક્સી પ્રવાસીઓને ઑટો રિક્ષા કરતાં પણ સસ્તો પ્રવાસ પ્રસ્તાવિત કરે છે. 15 કિલોમીટરના અંતરમાં જ ટ્રિપનું સરેરાશ અંતર ગણતરીમાં લઇને તમે રૂા. 160.00 ચુકવશો. Boomycab.com પ્રતિ કિલોમીટર માટે પ્રતિ કિલોમીટર ભાડું રૂા. 10.67 પ્રસ્તાવિત કરે છે. મુંબઇમાં ઑટો રિક્ષાનું પ્રતિ કિલોમીટર ભાડું છે રૂા. 11.50. આ ડિસ્કાઉન્ટ ઑફર 20**મી ડિસેમ્બર,** 2014 સુધી માન્ય રહેશે અને સોમવારથી શુક્રવાર સુધી સવારના 11થી સાંજના 6ની વચમાં શહેરના બધા પ્રવાસોને લાગુ પડે.

પ્રવાસીઓ Boomycab.comના 24-કલાક કૉલ સેન્ટર, 022-61234567 અથવા 022-41234567 પર ફોન કરીને, અથવા વેબસાઇટ પર લૉગ ઇન કરીને કે www.bookmycab.com/app. પરથી ઉપયોગકર્તા માટે અનુકૂળ એન્ડ્રોઇડ મોબાઇલ એપ ડાઉનલોડ કરીને એમના મોબાઇલ પરથી પણ શહેરની અંદરના જ કોઈ પણ અંતર માટે ટેક્સી બુક કરાવી શકે છે.

2012માં પ્રસ્થાપિત, Boomycab.com સામાન્ય મીટરના ભાડા પર હાલમાં સર્વત્ર ઉપલબ્ધ 'કાલી પીલી' કે બ્લૅક ઍન્ડ યલો ટેક્સી તથા કૂલ કૅબ્સ માટે મુંબઇમાં કૉલ ટેક્સી સર્વિસીસ રજૂ કરવા ભારતમાં પ્રથમ કૉલ ટેક્સી સર્વિસ પ્રદાનકર્તા હોવાનું આગવું સ્થાન ધરાવે છે.

આજે Boomycab.comની સેવાઓ 5000 રજિસ્ટર્ડ કૅબ્સ સુધી વધી ગઈ છે અને દિલ્હી, કોલકાતા તથા હૈદરાબાદ સહિતના ભારતભરના વિવિધ શહેરોમાં સુવિધાપૂર્ણ અને પરવડે એવો ટેક્સી પ્રવાસ પ્રસ્તાવિત કરે છે. આના કાફલામાં મિડ-રેંજ હૅચબૅક, એમયુવી તથા સેડાન કારની મોટાભાગે નવી ટેક્સીઓ છે; જે પ્રવાસીઓ માટે સુવિધાજનક પ્રવાસ સુનિશ્ચિત કરે છે. ટેક્સીઓના સમગ્ર કાફલાની સારી રીતે જાળવણી થાય છે અને એની કન્ડિશન પણ નવી જ હોય છે તથા એમાં ચોવીસ કલાક ફોન સપોર્ટ સાથેની અદ્યતન લાઇવ લોકેશન ટ્રેકિંગ સીસ્ટમ પણ હોય છે.

Boomycab.com દ્વારા પ્રસ્તાવિત ઇન-સિટી સેવાઓમાં સામેલ છે શહેરની અંદર જ પૉઇન્ટ-ટુ-પૉઇન્ટ પ્રવાસ, ફિક્સ્ડ રુટ સેવાઓ, ઍરપોર્ટ ટ્રાન્સફર અને રેલવે સ્ટેશન ટ્રાન્સફર. બુકમાયકૅબ એ એકમાત્ર એવી સેવા પ્રદાનકર્તા કંપની છે જે પર્યાપ્ત સૂચના અને આગોતરા બુકિંગ પર એની બધી સેવાઓની ડિલિવરી ગૅરન્ટીની સાથે આપે છે.

કંપનીએ દક્ષિણી ભારતમાં એના પ્રવેશ માટે હૈદરાબાદમાં હાલમાં જ cabonclick.com સંપાદિત કરી છે.